

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કાયદાથી વળતર ચૂકવવા પૈસા ખૂટે છે,
વિકાસના દંભે ખખડધજ સી-પ્લેન છૂટે છે,
કૂટે છે માથાં મોંઘવારીના મારે ગરીબ પ્રજા -
છતાં ધર્મ-જ્ઞાતિવાદે લોકો મૂર્ખ નેતા ચૂંટે છે.

હાઈકુ

ઉગામે જીભ!
ભ્રષ્ટાચાર ત્રાસથી -
રાજપાલશ્રી
(સાચા આચાર્યશ્રી શાંત ન રહી શકે)

નભાવે ફર્જ
લોકશાહી સુરક્ષા
સંસદ પણ
(માત્ર રામના ભરોસે નહીં)

### ચિંતન

મા પ્રગામ પથો વયં મા યજ્ઞાદિન્દ્ર સોમિનઃ ।
માન્ત સ્થુર્નો અરાતયઃ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

ધનથી મોટે ભાગે લોકોમાં પ્રમાદ આવી જાય છે અને તેનાથી લોકો કુમાર્ગ ગામી બની જાય છે. એટલે ધન તો મેળવો, પરંતુ તેનાથી અભિમાની બનવાને બદલે દાનવીર બનો.

પુરુષાર્થી અને સંયમી જીવનદ્વારા જે સહાય અને વરદાનો પ્રાપ્ત થાય તેમને ઈશ્વરની કૃપા માનીને અહંકારથી બચવું જોઈએ. બધું જ પરમાત્માનું છે. આપણે માત્ર એના ચાકર છીએ.

દાન આપવા માટે ધીરજ અને આત્મ વિશ્વાસ ખૂબ જ જરૂરી છે. જેને એવો વિશ્વાસ છે કે મારામાં પૂરતું કમાઈ લેવાની યોગ્યતા છે. તેવા માણસો જ દાન આપી શકે છે. આત્મબળથી જ માણસમાં અનીતિની સામે સંઘર્ષ કરવાનું સામર્થ્ય જાગે છે અને અનિતિપૂર્વક ધન કમાવાના પ્રલોભનથી પોતાને મુક્ત રાખવામાં સફળતા મળે છે.

### સુવિચાર

- સંતોષ ઈશ્વરદત્ત છે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા તથા ભક્તિ દ્વારા જ તે પ્રાપ્ત થાય છે - **રામકૃષ્ણ પરમહંસ**
- જેનામાં સદ્‌બુદ્ધિ છે અને જેની પાસે વિવેકનો વાસ છે તે વ્યક્તિ પરમ સુખી છે - **બાઈબલ**
- ભય ઉપર આત્માનો શાનદાર વિજય એ જ વીરતા છે - **ફાધર વિલિયમ**
- બહાદુર માણસને મોત જેટલું કારમું લાગે, તેના કરતાં કાયર માણસને ભય વધુ કારમો લાગે છે - **સર પી. સિડની**
- દાન ધર્મની પૂર્ણતા છે, ધર્મનો શૃંગાર છે - **એડિસન**
- સિયાસત આવામ પર યહ અહેસાન કરતી હૈ આંખે છીન લેતી હૈ, જબ ચશ્મે દાન કરતી હૈ - **સોનુ સરીન**
- આજનું ઔષધ : જમ્યા પછી ઘી સાથે મરીનું ચૂર્ણ ચાટવાથી અવાજ બેસી ગયો હોય તો ખૂલે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શિષ્યે ગુરુને પૂછ્યું, 'મન ને શાંત અને સ્થિર કરવા શું કરવું જોઈએ ?' ગુરુએ દૃષ્ટાંત કથાથી સમાધાન કરવા કહ્યું : 'એક હાથી જંગલમાં વૃક્ષના પાન ખાઈ રહ્યો હતો. એક નાની માખી તેના કાન પાસે આવી ગણગણવા લાગી. હાથીએ પોતાના કાનથી એને દૂર કરી. માખી ફરી આવી. હાથીએ તેને ભગાડી મૂકી. આવું વારંવાર થયું એટલે હાથીને માખીને કહ્યું, 'તું શા માટે આટલી બધી અશાંત થઈ ઘોંઘાટ કરે છે ? એક જગ્યાએ શાંતિથી બેસી ન શકે? માખીએ કહ્યું, 'હું જે જોઉં છું, સાંભળું છું કે સુંઘું છું એના પ્રત્યે તરત આકર્ષાઉં છું. મારી પાંચેય ઈન્દ્રિયો મારી આસપાસ જે બને છે તે તરફ મને ખેંચે છે. પણ હાથીભાઈ મને એટલું કહો કે તમે આટલાં શાંત અને નિશ્ચલ ખઈ રીતે રહી શકો છો?' હાથીએ જવાબમાં કહ્યું, 'મારી પાંચ ઈન્દ્રિય મારા નિયંત્રણમાં છે, મારી એકાગ્રતાને હું જરાય વિચલિત થવા દેતો નથી. અત્યારે ખોરાક લઉં છું તો હું એમાં જ ઓતપ્રોત રહું છું. અને ખોરાક નો આનંદ માણું છું. ખોરાકને સારી રીતે ચાવું છું એનો સ્વાદ માણું છું. આ વખતે મારી એકાગ્રતા પર મારો કાબુ છે માટે હું શાંત રહી શકું છું.' શિષ્યને દૃષ્ટાંત કથા પરથી જીવનમાં શાંત અને નિશ્ચલ કેવી રીતે રહેવું એનું રહસ્ય સમજાઈ ગયું કે મન અશાંત હોય એટલે એ જયા ધ્યાન પડે ત્યાં ભટક્યા કરે છે પરંતુ ધ્યાન પર કાબુ મેળવવાથી મન આપમેળે નિયંત્રણમાં આવી જાય છે.

# ડીએનએ થિયરી વિભાજનકારી ભારતીય રાજકારણમાં કારગત નહીં બની શકે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટી માટે ઉત્તરપ્રદેશમાં સત્તા જાળવી રાખવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. દિલ્હીનો માર્ગ ઉત્તરપ્રદેશ થઈને પસાર થાય છે તે પ્રસ્થાપિત સત્ય નહેરુથી મોદી સુધીના તમામ રાષ્ટ્રીય નેતાઓએ સ્વીકારેલું છે. મોરારજી દેસાઈ, દેવગૌવડા, ગુજરાત જેવા ઉત્તરપ્રદેશ બહારના નેતાઓને તક મળી ગઈ તે સંજોગોને આધારિત હતી. મનમોહનસિંહ આસામમાંથી રાજયસભાના સદસ્ય તરીકે ચૂંટાયા રહ્યા,પણ એમને વડાપ્રધાનની ગાદી તો સોનિયા ગાંધીની કૃપાથી સાંપડી હતી જે એમના પરિવારની પારંપારિક રાયબરેલીની બેઠકનું પ્રતિનિધિત્વ આજે પણ કરી રહ્યા છે. મોહન ભાગવત આર.એસ.એસ.ના સર્વોચ્ચ નેતા તરીકે જરૂર પડ્યે મોદીથી લઈ યોગી સુધીના નેતાઓની ઈમેજ મેકઓવર કરવાનું કામ કરતા રહ્યા છે. ગાઝિયાબાદમાં સંઘપ્રેરિત મુસ્લિમ રાષ્ટ્ર મંચ પરથી સંઘના વડાએ કરેલી શાણી રજૂઆત વૈજ્ઞાનિક સંદર્ભે સાચી છે, પણ વહેવારમાં એનો સ્વીકાર નથી થયો તે હકીકત છે. ભાગવતે કહ્યું છે તેમ 'ડીએનએ'ની રૂએ તો ભારતીય પ્રજા જ નહીં, પાકિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન અને ઈરાકથી લઈ યુરોપના દેશોમાં આર્યપ્રજાની આઈડેન્ટિટીમાં સામ્ય જોવા મળી શકે એમ છે. ધર્મ ભલે અલગ અલગ પાળતા હોય પણ આ બધા મૂળે આર્યવંશી લોકો છે. હિંદુ રાષ્ટ્રની ઓળખ ધરાવતું નેપાળ આર્યત્વના ડીએનએ નથી ધરાવતું. એના ડીએનએ મોંગોલિયન પ્રજાને મળતા આવે છે. એ ચીન સાથે વધુ સામ્ય ધરાવે છે. દક્ષિણ ભારતનો ચુસ્ત નામ્બુદિરી બ્રાહ્મણ ડીએનએની રૂએ ઉત્તર ભારતના આર્યવંશી કરતાં તદ્દન જુદો પડે છે. એ દ્રવિડવંશી છે. ધર્મ અને આસ્થાની રૂએ કાશીનો પંડિત અને દક્ષિણ ભારતનો દ્રવિડ એક જ પંથના પ્રવાસી છે પણ ડીએનએના વૈજ્ઞાનિક પરીક્ષણની રૂએ અલગ છે. ભાગવતને હિંદુ-મુસ્લિમ બેઉ ભારતીય ધરાવતા હોવાનું લાગતા માંડ્યું છે એમાં અલબત છેલ્લાં વર્ષો દરમિયાન મુસ્લિમો પોતાને આ દેશમાં ઓછા સલામત અને સેકન્ટ રેટ સિટીઝન માનવા લાગ્યા છે તે મુદ્દો કારણભૂત છે. રાજકારણ વિભાજન કરીને સત્તા ભોગવે છે. સંઘને એ સ્વીકાર્ય નથી. એથી એના વડાએ આ ડીએનએ વાળું ગતકડું રમતું મૂક્યું છે. એમાં એમણે પ્રજા ભલે પૂજાની અલગ રીતરસમ ધરાવતી હોય પણ એના ડીએનએની રૂએ તે એક રાષ્ટ્રની છે - એ વાત ઠસાવવાનો પ્રયાસ છે. મોબ લીચીંગના બનાવો પ્રત્યે એમણે પુણ્યપ્રકોપ ઠાલવીને એના જઘન્ય અપરાધ સાથે સંકળાયેલા હિંદુત્વના પુરસ્કર્તાઓને હિંદુ નહીં માનવા સુધીની વાત કરી છે. ધર્મના નામે નહીં બલકે રાષ્ટ્રવાદના નામે હિંદુસ્તાનમાં રહેનાર તમામને તેઓ 'હિંદુ' માને છે, ભલે એ આસ્થાની રૂએ હિંદુધર્મી ન હોય. આ જ વાત ગાંધીજીના 'હિન્દી' શબ્દમાં સ્ફુટ થતી હતી. અબ્દુલ્લા શેઠની વકીલાત કરતા દક્ષિણ આફ્રિકા ગયેલા યુવાન બેરીસ્ટર એમ.કે. ગાંધી 'હિંદી પ્રજા' ના પ્રતિનિધિ હતા. હિંદુઓના નહીં. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલી ઉદાર અને ઉદાત્ત ભાવના કેળવી શકે એ જલદી ગળે ઊતરે એવી બાબત નથી. એના સંસ્થાપક ડૉ. કેશવ બલિ હેડગેવારે હિંદુ પ્રજાના હિતરક્ષક તરીકેના ઉદ્દેશ સાથે જ સંસ્થા સ્થાપી તી અને એની કટ્ટરતાની ચરમસીમા ગાંધીહત્યાના પ્રેરક સાવરકરમાં જોવા મળી હતી. ભાગવતના હેડગેવારથી લઈ સાવરકર સુધીના પૂર્વસૂરિઓના હિંદુત્વની વ્યાખ્યા બદલવાની હેસિયત નથી, છતાં તેઓ રૂપકડાં, ગળચટાં વિધાનો કરી મુસ્લિમો અને ખ્રિસ્તીઓને આશ્વસ્ત કરવા આવાં ઉચ્ચારણ કરતા રહે છે. જો ખરેખર ડીએનએ મુદ્દે જ પ્રજાને એક કરવાની સંભાવના હોય તો મુસ્લિમ રાષ્ટ્રોને હિંદુસ્તાન સામે કોઈ વાંધો હોવો ન જોઈએ.

# ગુણીજનને મળવાનું થાય ત્યારે વીતાવેલી પળો એમના ગયા બાદ સ્મરણમાં રહી જાય છે



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'વાત જાણે એમ છે ને, કે અહીંથી અમદાવાદ સુધીની બાય રોડની મુસાફરીમાં તમે સુઈ જાવ, આરામ કરો, એ અને બહુ નહિ ગમે....' આવી ઉલટી વાત કરીને આશીષભાઈ ઉમેરે છે કે 'બે સમાન રસ-રૂચિ વાળા લોકોને સાથે જવાનું છે. અમદાવાદ... અને મને અનાયાસ ચિત્રપટનો જાણે ખજાનો હાથ લાગી ગયો... એ વ્યક્તિ હતા અરવિંદ રાઠોડ, જેમનું તાજેતરમાં અવસાન થયું... વાત ૨૦૧૯ના આરંભની છે.'

ભાગવવાચાર્ય પૂજ્ય શ્રી શરદ ભાઈ વ્યાસ દ્વારા ધરમપુર વિસ્તારમાં સમૂહ લગ્ન યોજાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત લોક સમુદાયને સંબોધવા જે મહાનુભાવો ઉપસ્થિત હતા. એમાંના એક હતા ગુજરાતી હિન્દી ફિલ્મોના જાણીતા ચરિત્ર અભિનેતા શ્રી અરવિંદ રાઠોડ.

પૂજ્ય શરદભાઈ અને એમના સુપુત્ર યુવાન કથાકાર શ્રી આશીષભાઈના પ્રેમને વશ થઈ હું પણ વક્તા તરીકે અમદાવાદથી ગયો હતો. સવારે ૯ થી ૧૧ દરમિયાન ઉલ્લાસમય વાતાવરણમાં લગ્ન સમારોહ યોજાયા બાદ એ જ સ્થળે આશીર્વચન સમારોહ આયોજિત કરાયો હતો. શ્રી અરવિંદભાઈએ એમની આગવી શૈલીમાં સમગ્ર આયોજનનો બિરદાવીને વરઘોડિયાઓના આશીર્વાદ આપ્યા હતા.

પછીની કારમા આવતા હતા ત્યારે વલસાડ નજીક ધરમપુર ચોકડી પર વલસાડ સ્થિત સ્નેહી શ્રી હિંમતભાઈ શાહ મળવા આવ્યા, સાથે નાસ્તો કર્યા અને પછી વાતો કરતા કરતા ગીતો ગાતા ગાતા, ગીતો સાંભળતા સાંભળથા અમે અમદાવાદ આવ્યા. ગુજરાતી ચલચિત્રોના ગીતો મને ખુબ ગમે, અનાયાસ મારી પાસે એ ગીતોની ઓડિયો સીડી હતી, જેમાં ઓરીજીનલ સાઉન્ડ ટ્રેક હતા એ ગીતો સાંભળીને અરવિંદભાઈ ખુબ રાજી થયાને ગુજરાતી ફિલ્મોને એ સુવર્ણયુગના સંસ્મરણો યાદ કર્યા. મારી સાઓઓથે મારા દોસ્તો હિમાંશુ અને જસ્મીન હતા, તેઓ સહિત અમારા માટે એ પ્રવાસ ઘટનાના, સુરીલા સંગાથના મૂળમાં જેઓ હતા એ આશીષભાઈનો પણ અમે હૃદયપૂર્વક આભાર માન્યો... જેમને અનેકવાર ફિલ્મોના પડદા પર નિહાળ્યા હોય એ જ કલાકાર આપણી સાથે હોય અનો આનંદ કોઈ નોખો અનોખો જ હોય એનો આનંદ કોઈ નોખો અનોખો જ હોય છે, એ અમે એ દિવસે અનુભવ્યો.

પહેલી જુલાઈ ૨૦૨૧ના રોજ એમનું નિધન થયું. ગુજરાતી સ્ટેજ અને ફિલ્મો સાથે જોડાયેલા કેટલાયે કલાકારો અને કલાપ્રેમીઓએ એમને શ્રદ્ધાંજલિ આપી.

એમના પિતાનો વ્યવસાય દરજીકામનો હતો, પણ અરવિંદભાઈને સ્કૂલકાળથી જ અભિનયમાં વધુ રસ હતો. શાળા-કૉલેજના સમયમાં તેઓ નાટ્યક્ષેત્ર સાથે જોડાયેલા રહ્યા અને અનેક ઈનામો પણ જીત્યા. એ પછીથી તેઓએ ગુજરાતી નાટ્યક્ષેત્ર પ્રવેશ કર્યો. અમદાવાદમાં નાટ્યક્ષેત્રે પ્રવૃત્ત થયા બાદ મુંબઈ ગયા. અહીં આરંભે લાંબા સમય સુધી ફોટો જર્નાલિસ્ટ તરીકે કામ કર્યું. ફિલ્મોમાં સ્ટીલ ફોટોગ્રાફરનું મહત્ત્વનું પ્રદાન હોય છે, આ ક્ષેત્રે પણ તેઓએ સુંદર અને અસરદાર કામ કર્યું. રાજકપૂરે કયાંક એમને જોયા, પછીથી તેમની ફિલ્મ 'મેરા નામ જોકર' માં એક નાનકડી ભૂમિકા આપી. આમ ફિલ્મ ક્ષેત્રે કારકિર્દીનો આરંભ થયો.

અરવિંદ રાઠોડે અનેક હિનદી ફિલ્મોમાં કેરેકટર રોલ કર્યો, જેમાં અમિતાભ બચ્ચનની ફિલ્મ ખુદાગવાહ અને અગ્નિપથ ઉપરાંત જાણીતી ફિલ્મ કોરાકાગઝનો સમાવેશ થાય છે. ગુજરાતી ફિલ્મોની યાદી તો લાંબી છે, જેમાં બાબા રામદેવપીર, રાજા ગોપીચંદ, દીકરીના દેશ કોઈ પરદેશ, ભાદર તારા વહેતા પાણી, શેતલ તારા ઊંડા પાણી, વગેરેનું સ્મરણ થાય. ૨૦૧૮માં આવેલી ફિલ્મ 'ટેન્શન' થઈ ગયું માં અભિનય કર્યો હતો. ગુજરાતી નાટ્યક્ષેત્રે પણ એમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું હતું.

અમારી એ મુલાકાત ધરમપુરથી અમદાવાદ સુધીની રહી... થોડા કલાકોનો એ પરિચય હંમેશ માટે યાદગાર બની રહ્યો. અરવિંદભાઈના સ્વભાવની સરળતા, સહજ વાતોમાંથી પ્રગટતી કોઠાસૂઝ અને રમુજવૃત્તિ, પ્રેમાળપણું અને સમાજજીવનના અવલોકન વગેરે અમે અનુભવ્યા. મારે એ દિવસે રાત્રે અમદાવાદના દીનદયાળ ઉપાધ્યાય હોલમાં એક કાર્યક્રમ હતો, રસ્તામાં ગાડી ખરાબ થઈ હતી, સમય ઓછો હતો તો એમને કહ્યું કે 'મારે તો ઘરે જ જવાનું છે, તમારે શો છે, પહેલા તમે પહોંચો એ જરૂરી છે...' આવી એમની સરળતા સાચ્ચે જ યાદ આવે છે.

અનાયાસે આવી રીતે જયારે કોઈ કલાકારને કે પોતાના ક્ષેત્રના ગુણીજનને મળવાનું થાય ત્યારે વીતાવેલી પળો એમના ગયા બાદ સ્મરણમાં રહી જાય છે ને યાદોના અજવાળા રેલાય છે.

# અપમાત્મા બ્રહ્મ - ઉપનિષદનું ચોથું અને અંતિમ મહાવાક્ય



**વિચારયાત્રા**
ડૉ. જય ઓઝા

સર્વં હ્યેતદ્ બ્રહ્માયમાત્મા બ્રહ્મ સોઽયમાત્મા ચતુષ્પાત્ ॥ મા.ઉ. : દ્વિતીય મંત્ર

"આ બધું જ બ્રહ્મ છે. આ આત્મા બ્રહ્મ છે. તે આ આત્મા ચાર ચરણવાળો છે."

અથર્વવેદીય માંડુક્યોપનિષદના દ્વિતીય મંત્રના ભાગરૂપે આ મહાવાક્ય આવેલું છે.માંડુક્યોપનિષદમાં સમગ્ર અસ્તિત્વને પ્રણવનું જ સ્વરૂપ ગણવામાં આવે છે. જાગ્રત આદિ ચાર અવસ્થાઓ, વૈશ્વાનર આદિ આત્માનાં ચાર સ્વરૂપો અને પ્રણવતી અકાર આદિ ચાર માત્રાઓને એકરૂપ ગણવામાં આવેલ છે.

પ્રસ્તુત દ્વિતીય મંત્રનો કેન્દ્રવર્તી વિચાર એવો છે કે આ સમગ્ર અસ્તિત્વ બ્રહ્મસ્વરૂપ છે, આ આત્મા બ્રહ્મ છે ને આ આત્મા ચાર ચરણવાળો છે.આ ચારચરણો અંગે વિગતવાર વર્ણન પછીના મંત્રોમાં કરવામાં આવેલ છે.

આ રીતે આ મંત્રમાં આત્મા એટલે કે જીવ બ્રહ્મ છે, તેમ કહેવામાં આવ્યું છે. પરંતુ પ્રજ્ઞાનં અને બ્રહ્મની એકતા કેવી રીતે સિદ્ધ થાય છે તે અહીં કહેવામાં આવ્યું નથી.

અદ્વૈતવેદાંત – પરંપરા પ્રમાણે 'અયમાત્મા બ્રહ્મ' નો શાસ્ત્રીય અર્થ શું કરવામાં આવે છે અને કઈ પદ્ધતિથી તે અર્થ કરવામાં આવે છે, તે આપણે જોઈએ અને તેને આધારે આ મહાવાક્યનો વિવેક કરવાની પદ્ધતિ સમજીએ.

'અયમાત્મા બ્રહ્મ'માં ત્રણ પદો છે - અયં, આત્મા અને બ્રહ્મ.

૧. અયં - અયં એટલે આ. 'અયં' પદ 'આત્મા' અને 'બ્રહ્મ' પદને જોડનાર છે.

૨. 'આત્મા' પદનો વાચ્યાર્થ.

અહીં આત્માનો અર્થ જીવાત્મા છે. અલ્પશક્તિમાન, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અનીશ, કર્મને આધીન, પ્રત્યક્ષ, બંધમોક્ષવાળો – આ ધર્મોથી યુક્ત જીવ 'આત્મા' પદનો વાચ્ય છે.

૩. 'બ્રહ્મ' પદનો વાચ્યાર્થ.

સર્વશક્તિમાન, સર્વજ્ઞ, વિભુ, ઈશ, સ્વતંત્ર, પરોક્ષ, માયી અને બંધમોક્ષરહિત – આ ધર્મોથી યુક્ત ઈશ્વર 'બ્રહ્મ' પદનો વાચ્ય છે.

અયમાત્મા બ્રહ્મ એટલે આ જીવાત્મા બ્રહ્મ છે. અન્ય મહાવાક્યોની જેમ આ મહાવાક્યમાં પણ જીવબ્રહ્મની એકતા સૂચિત કરવામાં આવેલી છે. પરંતુ વાચ્યાર્થ દ્વારા આ એકતા સિદ્ધ થઈ શકે તેમ નથી. કારણ કે બંનેના ધર્મોમાં ઘણી ભિન્નતા છે. તેથી અન્ય મહાવાક્યોની જેમ આ વાક્યનો અર્થ કરવા માટે પણ લક્ષ્યાર્થ લેવો આવશ્યક છે.

જીવ અને ઈશ્વરના ધર્મોમાં કેટલીક સમાનતા છે અને કેટલીક ભિન્નતા પણ છે, તેથી અહીં જહતી કે અજહતી લક્ષણા લઈ શકાય તેમ છે, કારણ કે ભાગ-ત્યાગ લક્ષણામાં સમાન અંશનો સ્વીકાર અને અસમાન અંશનો ત્યાગ કરવાની ક્ષમતા છે.

ભાગ-ત્યાગ લક્ષણા પ્રમાણે 'અયમાત્મા બ્રહ્મ'નો અર્થ આ પ્રમાણ થશે.

૧. 'આત્મા' પદનો વાચ્યાર્થ જીવ છે, જે અલ્પજ્ઞતા આદિ ધર્મોથી યુક્ત છે. પરંતુ જીવ તેના મૂલ સ્વરૂપે બ્રહ્મ છે, તેથી ભાગ-ત્યાગ લક્ષણા પ્રમાણે 'આત્મા' પદનો લક્ષ્યાર્થ 'બ્રહ્મ' છે.

૨. 'બ્રહ્મ' પદનો વાચ્યાર્થ ઈશ્વર છે, જે સર્વજ્ઞતા આદિ ધર્મોથઈ યુક્ત છે, પરંતુ ઈશ્વર તેના મૂળ સ્વરૂપે બ્રહ્મ છે. ભાગ-ત્યાગ લક્ષણા મુજબ 'બ્રહ્મ' પદનો અર્થ નિર્વિશેષ 'બ્રહ્મ' છે.

આ રીતે ભાગ-ત્યાગ લક્ષણા પ્રમાણે બંને પદો દ્વારા 'બ્રહ્મ' લક્ષિત થાય ચે, તેથી બંનેની એકતા સિદ્ધ થાય છે.

તેથી 'અયમાત્મા બ્રહ્મ' મહાવાક્યનો લક્ષ્યાર્થ થાય છે - આ જીવાત્મા બ્રહ્મ છે. આ રીતે આ મહાવાક્ય દ્વારા પણ જીવ અને બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ થાય છે.

વિજ્ઞાનિ સત્યની શોધ કરે છે. દર્શન પણ સત્યની શોધ કરે છે. દર્શનનાં બે સ્વરૂપો છે. એક બૌદ્ધિક શોધને પરિમામે પ્રાપ્ત થયેલું તત્ત્વજ્ઞાન અને બીજું આધ્યાત્મિક અનુભૂતિમાંથી નિષ્પન્ન થયેલું દર્શન. આ દર્શન યથાર્થ રહસ્યદર્શન છે. ઉપનિષદોનું દર્શન આ દ્વિતીય પ્રકારનું રહસ્યદર્શન છે.

વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને દર્શન, ત્રણે સત્યની શોધની યાત્રા છે. આપણી પાસે આજે આશ્ચર્યચકિત કરી દે તેવાં રહસ્યો પ્રગટ્યાં છે. વિજ્ઞાન ભૌતિક જગતના એકથઈ એક ચડિયાતાં રહસ્યો ઉકેલી રહ્યાં છે. ન્યૂયોર્કમાં બેઠેલા માનવીનો અવાજ તે જ ક્ષણે ભારતમાં સાંભળી શકાય છે અ તેનો ચહેરો પણ જોઈ શકાય છે. અવકાશયાન લાખો કિ.મી. દૂરથી ગ્રહોનાં ચિત્રો પૃથ્વી પર મોકલી શકે છે. આ બધા ભૌતિકવિજ્ઞાનના ચમત્કારો છે. ભૌતિકવિજ્ઞાનનાં આવાં ચમત્કાર લાગે તેવાં સંશોધનોએ પૃથ્વી પર એક અનોખી ક્રાન્તિ સર્જી છે.

જેમ વિજ્ઞાન દ્વારા ભૌતિક જગતનાં રહસ્યો શોધાયાં છે, તેમ દર્શન દ્વારા આધ્યાત્મિક જગતનાં રહસ્યો પણ શોધાયાં છે ઉપનિષદો રહસ્યવિદ્યાના ગ્રંથો છે. અણમોલ આધ્યાત્મિક રહસ્યો ઉપનિષદોમાં સંગૃહીત થયાં છે. વેદરૂપી સાગરના ઉપનિષદરૂપી કિનારે સાચા મોતી પાકે છે. એકએકથી ચડિયાતાં મોતીનો અહીં ભંડાર એકત્ર થયો છે. આવું જ એક ચળકતા મોતી જેવું રહસ્ય છે - હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે, જીવમાત્ર બ્રહ્મ છે, આ બધું બ્રહ્મ છે.

સચરાચર સૃષ્ટિ બ્રહ્મ છે; જીવ અને જગત બ્રહ્મ છે - તેમ જાણવું, તે રૂપે તેનું દર્શન કરવું, સાક્ષાત્કાર દ્વારા તેનું જ્ઞાન મેળવવું, તે કેટલા મહાન ક્રાન્તિકારી આધ્યાત્મિક રહસ્યની શોધ છે, તેનો ક્યાસ કાઢવા માટે એક ઊંડી આધ્યાત્મિક અંતર્દષ્ટિ અને દાર્શનિક સૂઝ અનિવાર્ય છે.

જે સત્ય સતત આપણા કાન પર અથડાયા કરે તેની મહત્તા આપણા ચિત્તમાં વસતી નથી; તેની અસાધારણતા અંગે આપણે દુર્લક્ષ સેવતા થઈ જઈએ છીએ. આપણા ચિત્તના બંધારણની તેવી લાક્ષણિકતા છે. આપમે રોજ દૂરદર્શન જોઈ છીએ, પણ આ દૂરદ્રશનની ઘટના કેવી રીતે બને છે, આ ઘટના પાછલની વૈજ્ઞાનિક પ્રક્રિયા શું છે તેવો વિચાર કરવાની તાજગી આપણે ગુમાવી દઈએ છીએ. આપણે બાળપણથી જ સાંભળતા આવ્યા છીએ કે આત્મા બ્રહ્મ છે, જગત બ્રહ્મસ્વરૂપ છે અને હું, તમે, બધાં બ્રહ્મ છીએ. આ વારંવારિતાને કારણે, આ ઉપછલ્લા પણ અતિપરિચયને કારણે આ કેટલી મહાન ક્રાન્તિકારી આધ્યાત્મિક શોધ છે તે તરફ આપણું ધ્યાન જતું નથી. સતત કાંડે બાંધેલી ઘડિયાળ કેવી રીતે સમય દર્શાવે છે તે જાણવાનો આપણને વિચાર પણ આવતો નથી.

Knowledge is power (જ્ઞાન શક્તિ છે) અને Knowledge is virtue (જ્ઞાન સદ્‌ગુણ છે), એમ કહેવાય છે તે આ સ્વરૂપના જ્ઞાન માટે છે. અહીં જ્ઞાન એટલે માહિતી નહિ, જ્ઞાન એટલે સાક્ષાત્કાર.

અનુસંધાન પાના નં. ૭ પર

# આપણે આપણી શ્રેષ્ઠત્તમ શક્તિનો ઉપયોગ ક્યારે કરીએ છીએ?



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શાસ્ત્રીય સંગીતના બે કલાકારોની વાતથી ઉઘાડ કરવો છે. આ બન્ને કલાકારોની જબરી લોકચાહના. એમના કાર્યક્રમો હોય એટલે લોકોની ભીડ જામે. આ બન્નેનો સમય બુલંદ હતો. એક કલાકાર કાર્યક્રમ હોય કે ન હોય દિવસમાં છથી આઠ કલાક રિયાઝ અવશ્ય કરે. જ્યારે બીજો કલાકાર લોકપ્રિયતાના કેફમાં પાર્ટીઓ અને હરવા ફરવામાં રચ્યો પચ્યો રહે. એકાદ વર્ષમાં પાર્ટીઓમાં ફરતા અને મોજ કરતા કલાકારના કાર્યક્રમોમાં લોકોની ભીડ ઓસરતી ગઈ.



એની ચાહત અને લોકપ્રિયતા દિવસે દિવસે સાવ તળીયે બેસી જવા લાગી. જ્યારે સારા સમયમાં પણ રોજે રોજ રિયાઝ કરીને અપડેટ રહેતા કલાકારના કાર્યક્રમો દિન પ્રતિદિન વધુ ને વધુ સફળ થવા લાગ્યા.

આ બે કલાકારોની કથાના પાયામાં સમયને શાણપણથી ઓળખવાની વાત છે. સમય આપણને શાણા બનાવે એ પહેલાં સમયસર શાણા બનવામાં સાર છે. સમયના મૂલ્ય અને સમયના સદઉપયોગ માટે વર્ષોથી કહેવાતું આવ્યું છે અને ભવિષ્યમાં પણ થોકબંધ ઉપદેશો અપાતા રહેશે. લોકો સમયના સંદર્ભમાં અપાતા આ પોપટીયા જ્ઞાનને ચીંગમની જેમ ચાવે જ રાખશે.

એક ચિંતકે સમયસર, સમય સાથે અને સમય પહેલા ચેતી જવા અંગે મઝાની વાત એમની ફેસબુક વોલ ઉપર મૂકી. એમના આ વિચારને જોત જોતામાં ૨.૩ મિલીયન લોકોએ જોયો અને પસંદ કર્યો. એમણે જીવનમાં આવતા 'સારા સમય' અને 'ખરાબ સમયહ્ન વખતે વ્યક્તિની પ્રતિક્રિયાનું સરસ પૃથ્થકરણ પ્રસ્તુત કર્યું છે. સમય સાથે, સમય પહેલા અને સમયસર' આ ત્રણ પાસા સમજાય તો ખરાબ સમય જોવાનો વારો જ ન આવે.

સામાન્ય રીતે સારા સમયને વ્યક્તિ કેવી પરિસ્થિતિની સાથે મુલવણી કરતો હોય ? જે સમયમાં આનંદ આવે, લોકો તેને પ્રેમ કરતા હોય, તેને દરેક કાર્યમાં તેને સફળતા મળે, એના બધાં સંબંધોમાં મીઠાશ રહે, શારીરિક તંદુરસ્તી સરસ હોય, પોતાની જાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય એવી સ્થિતિને વ્યક્તિ 'સારા સમય'ની વ્યાખ્યામાં મૂકે છે.

આનાથી વિપરીત પરિસ્થિતિને સ્વાભાવિક રીતે જ 'ખરાબ સમય'ની વ્યાખ્યામાં મૂકવામાં આવે છે. હવે એક ક્ષણ વિચારી લેવું જેવુ ખરૂ કે, આપણે ક્યારે આપણામાં પડેલી શ્રેષ્ઠત્તમ વાત આપીએ છીએ? ક્યારે સૌથી વધુ નિયમબદ્ધ હોઈએ છીએ ? ક્યારે અત્યંત વિનમ્ર હોઈએ છીએ ? ક્યારે વધુ મહેનત કરતા હોઈએ છીએ ?

સૌ કોઈને અનુભવ હશે જ કે, જ્યારે ખુશીનો અને આનંદનો સમય હોય ત્યારે વ્યક્તિ સૌથી વધુ અનિયમિત અને આળસુ બની જાય છે. જ્યારે લોકો પ્રેમ કરતા હોય છે ત્યારે એ સમય વ્યક્તિને પરાવલંબી બનાવી દે છે. સફળતાના સમયમાં અહમ માથે ચડી જતો હોય છે. પોતાની જાત ઉપર અને કામની સફળતાનો વિશ્વાસ બીજાને અપમાનીત કરતા કરી નાખે છે. શારીરિક તકલીફો ન હોય ત્યારે વ્યક્તિ ખાવા-પીવામાં અને વર્જીસ કરવામાં ૧૦૦ ટકા બેધ્યાન રહે છે. સંબંધો સારા હોય ત્યારે 'ટેક ઈટ ગ્રાન્ટેડહ્નનો એપ્રોચ ડેવલપ થઈ જાય છે. આ બધુ જોતા એક પ્રશ્ન એ થાઅય કે, 'સારા સમય'માં ખરેખર વ્યક્તિ સારો એપ્રોચ રાખી શકે છે ખરો ?

સાચી વાત તો એ છે કે, વ્યક્તિનો 'સારો એપ્રોચ' ખરાબ સમયમાં હોય છે. આનંદનો સમય ન હોય અને દુઃખ હોય ત્યારે વ્યક્તિ વધુ મહેનતકશ બની નિયમાનુસાર કામ કરતો જોવા મળે છે. વ્યક્તિને જ્યારે અસફળતા મળે ત્યારે એ વધુ વિનમ્ર થઈ જતો જોવા મળે છે. તબિયત બરાબર ન હોય ત્યારે સમયસર ભોજન, નિયમિત ફળ આહાર, પ્રતિદિન કસરત વગેરે સરસ રીતે થાય છે. સંબંધો વણસે ત્યારે વ્યક્તિ વધુ સંભાળ લેતો થઈ જતો હોય છે.

સારા સમયમાં ખરાબ વર્તન અને ખરાબ સમયમાં સારું વર્તન એ એક નક્કર વાસ્તવિકતા છે. પરંતુ જો સારા સમયમાં પણ સારા વર્તનની પરિભાષા રાખવામાં આવે તો કાયમ સારો સમય રહી શકે છે. સારો સમય વ્યક્તિને ખરાબ કરે અને ખરાબ સમય વ્યક્તિને સારો બનાવે છે, એ સુત્રને પલટાવવા માટે ખરાબ સમય વખતે કરાતા કાર્યો સારા સમય વખતે થાય એ જરૂરી છે.

આમ તો સમય શબ્દ સંસ્કૃત ભાષાના મૂળ શબ્દ 'સમ' ઉપરથી આવેલો છે. 'સમ' એટલે એકધારું, સમાન, નિત્ય. સમય અને જીવન બન્ને એક સમાન મૂલ્યવાન છે. સમયની દોલત સૌની પાસે એક સરખી છે. જે સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે એ સુખી બને. એક ચિંતકે સરસ વાત કરી છે કે, 'ડિલેય ઈઝ ડેન્જરસ'. સમય અદ્રષ્ય સાથી પણ છે અને સૌતન પણ છે. એક યુવાન ઉદ્યોગપતિ રોજ સાંજે ભોજન પછી એના પિતાને કહે, 'પપ્પા આવતી કાલથી રોજ સવારે હું તમારી સાથે મોર્નિંગ વોકમાં આવીશ.' આ યુવાનની એ સવાર ક્યારેય નથી પડતી. મહાવીર ભગવાને કહ્યું છે કે, એક ક્ષણનો પણ પ્રમાદ પાલવશે નહીં. કારણ કે વિતેલી ક્ષણ ક્યારેય પાછી લાવી નહીં શકાય.

એક ક્ષણની પણ ગજબની કિંમત છે. વર્ષ ૧૯૮૪માં ઓગષ્ટમાં કેલિફોર્નિયામાં ઓલંપિક્સમાં ૪૦૦ મીટર દોડમાં ભારતની પીટી ઊષા ભાગ લેવા ટ્રેક ઉપર ઉતરી ત્યારે હાજર સૌને હતું કે, આ સ્પર્ધા પીટી ઉષા જ જીતવાની છે. કારણ પીટી ઊષાનો ટ્રેક રેકોર્ડ જોરદાર હતો. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે પીટી ઊષા આ સ્પર્ધામાં ચોથા ક્રમે આવી. દોડમાં છેલ્લી ક્ષણે રૂમેનિયાની ક્રિસ્ટિના છલાંગ મારીને ત્રીજા ક્રમે આવી ગઈ. સેકંડના ૧૦૦મા ભાગે પીટી ઉષા હારી અને ક્રિસ્ટીના ત્રીજા ક્રમે આવી ગઈ. એક સેકંડના ૧૦૦મા ભાગની કિંમત કેટલી મોટી અને મહત્વની છે !

રંગબેરંગી પતંગિયા પાસેથી સમયનું સંચાલન શીખવા જેવું હોય છે. પતંગિયાનું જીવન થોડીક મિનિટો માટે જ હોય છે પણ એની પાસે આનંદવાનો, નાચવાનો, ગાવાનો, ફૂલોને પ્રેમ કરવાનો પૂરતો સમય હોય છે. સારા સમયમાં સારી વર્તણૂંક કરી જાણે એ પતંગિયાની માફક નાચી શકે, ગાઈ શકે અને આનંદી રહી શકે. સમય અને સમુદ્રની ભરતી ક્યાં કોઈની વાટ જૂએ છે ! જીવન ખરેખર તો એક એક ક્ષણને જોડીને જ બનતું હોય છે. જિંદગીને સાચી જિંદાદીલીથી ચાહવાની હોય. સારા સમયમાં સારી વર્તણૂંક જીવનનો શણગાર છે એ વાતને આત્મસાત કરવાની હોય.

**ધબકાર :**
સમય સ્વયં સ્થિતપ્રજ્ઞ છે. એ શત્રુ પણ નથી અને મિત્ર પણ નથી.